GJBK010005892026

## આંક–૧ નીચે હુકમ

(૧) સાંભળ્યા, અરજી તથા સામેલ દસ્તાવેજી લીસ્ટથી રજુ થયેલ દસ્તાવેજી કાગળો વંચાણે લીધા.

(૨) અરજદારે હાલની અરજી કરી, આ કામે અરજદારના નામે પંજાબ નેશનલ બેંક,પાલનપુર શાખામાં ફીકસ ડીપોઝીટ તરીકે જમા નાણાં અરજદારને ચુકવી આપવા બેંકને હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) અરજદારની ઉપરોકત રજુઆત ધ્યાનમાં લેતાં તથા આ કામે અરજદારની અરજી વંચાણે લેતાં, એમ.એ.સી.પી. નં.૧૫૬/૨૦૨૦ ના કામે હુકમ અન્વયેના હુકમનામા મુજબ સામાવાળાએ રકમ જમા કરાવેલ, જે રકમ ઉપાડવા અરજદારે અરજી દાખલ કરેલ અને તેના હુકમ તથા હુકમ મુજબના પેમેન્ટ હુકમ મુજબ અરજદારના નામે પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ કરાવેલ છે.

(૪) અત્રેએ ઉલ્લેખનીય છે કે અરજદારે તેની અરજીમાં નામ. ગુજરાત હોઇકોર્ટમાં કોઇ અપીલ કે રીવિઝન થયેલ નથી તેમ જણાવેલ છે પરંતુ રજીસ્ટ્રીનો શેરો ધ્યાને લેતાં નામ. ગુજરાત હાઇકોર્ટમાં સદરહું વળતર અરજીના હુકમ વિરૂધ્ધ ફ.અપીલ નં.૨૯૮૧/૨૦૨૪ થી દાખલ થયેલાનું જણાઇ આવે છે. આ કામે અરજદાર તથા તેના મદદ કરતા તેના વિ.વ.શ્રીને હવે કાળજીપુર્વક સત્ય હકીકતો સાથે અરજી રજુ કરવા માટે તાકીદ કરવામાં આવે છે.

(૫) આ કામે નામ. ગુજરાત હાઇકોર્ટમાં થયેલ અપીલ પુર્ણ થયેલ છે અને અપીલ મુજબ વિમા કંપનીએ નાણાં પણ જમા કરાવી દીધેલ છે. વિમા કંપનીના વિ.વ.શ્રીએ અરજી લગત વાંધો નથી તેવો શેરો કરેલ છે.

(૬) આ કામે અરજદારે પોતાના લગ્ન માટે ખર્ચને પહોંચી વળવા માટે એફ.ડી. તોડી રકમ વ્યાજ સહીત ચુકવી આપવા માટે અરજી કરેલ છે તેની અરજીની વિગતો ધ્યાને લેતાં યોગ્ય જણાય છે.

(૭) અત્રે એ ઉલ્લેખનિય છે કે આ કામે નામ. ટ્રીબ્યુનલે વિમા કંપનીને વળતરના નાણાં ચુકવવાની જવાબદારીમાંથી મુકત કરેલ હતી અને વાહન માલિકને નાણાં ચુકવી આપવા હુકમ કરેલો. તે હુકમથી નારાજ થઇ વાહન માલિકે ટ્રીબ્યુનલના વળતર અરજીના હુકમ તથા હુકમનામાને નામ. ગુજરાત હાઇકોર્ટમાં ફ. અપીલ કરી પડકારેલો જે તેની ફ.અપિલ મંજુર કરવામાં આવેલી અને તેમાં વિમા કંપની તથા માલિકની સંયુકત જવાબદારી ઠરાવેલી. આ કામે વાહન માલિકે અપીલ દાખલ કરતાં સમયે રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) ટ્રીબ્યુનલ સમક્ષ જમા કરાવેલા. ત્યારબાદ નામ. ગુજરાત હાઇકોર્ટના હુકમ મુજબ વિમા કંપનીએ ટ્રીબ્યુનલના હુકમનામા મુજબના વ્યાજ સહીત તમામ રકમ જમા કરાવી દીધેલ છે. જેથી વાહન માલીકે જમા કરાવેલ રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) એ હુકમનામા ઉપરાંતની રકમ જમા થયેલી. આ કામે તે રકમ પહેલાં અરજદારે ઉપાડી દીધેલી. ત્યારબાદ વાહન માલીકે અત્રેની ટ્રીબ્યુનલમાં પરચુરણ અરજી નં.૧૦૬૬/૨૦૨૫ થી રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) પરત મેળવવા દાખલ કરેલ. જે અરજીમાં હુકમ પણ થયેલ. આ કામે વિમા કંપનીએ જે રકમ વ્યાજ સહીતની જમા કરાવેલ તે રકમમાંથી તેથી રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) વાહન માલીકને પરત ચુકવવાના થાય કારણ કે અરજદાર વાહન માલીકે જમા કરાવેલ રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) પહેલાં જ ઉપાડી ગયેલ છે.

(૮) આજરોજ અરજદારે વાહન માલીકે જમા કરાવેલ રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) જે તે ઉપાડી ગયેલ હતા તે વાહન માલીકને રોકડમાં પરત ચુકવી આપેલ હોવાથી વાહન માલીકને હવે વીમા

કંપનીએ જમા કરાવેલ રકમમાંથી કોઇ રકમ મેળવવાની રહેતી નથી. આ બાબતે અરજદારે પુરશીસ પણ જાહેર કરેલ છે અને વાહન માલીક તથા તેના વિ.વ.શ્રીએ તે રકમ મળી ગયેલ છે તે બાબતનો અરજી લગત શેરો પણ કરેલ છે. ઉપરોકત સંજોગો ધ્યાને લેતાં અરજદારને પોતાના લગ્નના ખર્ચને પહોંચી વળવા માટે ફીકસ ડીપોઝીટ તોડી નાણાં આપવા રજુઆત કરેલ છે જે યોગ્ય જણાય છે. જેથી અરજદારને એફ.ડી. ની પુરેપુરી રકમ ચુકવી આપવાનો નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::હુકમ::**

૧. અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. અરજદાર–જયદિપ બાબુભાઇ સુઢીયા, રહે.મહેંદીપુરા, માહી, રોહીતવાસ, તા.વડગામ, જી.બનાસકાંઠાવાળાના નામે પંજાબ નેશનલ બેંક, પાલનપુર શાખામાં એમ.એ.સી.પી. નં.૧૫૬/૨૦૨૦ ના કામે કરાવેલ ફીકસ ડીપોઝીટ રસીદ ગ્રાહક આઇ.ડી.નં.R603498100 જેની રકમ રૂ.2,27,135/– છે તે એફ.ડી.આર. તોડી વ્યાજ સહીતની રકમ અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૩. હુકમ મુજબ બેંકને યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

મું.પાલનપુર
તા.૧૧/૦૩/૨૦૨૬

**(પીયુષકુમાર અશોકભાઇ પટેલ)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.)
બનાસકાંઠા–પાલનપુર
જી.જે.૦૦૮૦૩